**શ્રી રામ નાઈક**
**રાજયપાલ ઉત્તર પ્રદેશ**
**સંક્ષિપ્ત પરિચય**
**(૮ ઑગષ્ટ ૨૦૧૪)**

**૧.** આદરણીય રાષ્ટ્રપતીએ ૧૪ જુલાઈ ૨૦૧૪ ના શ્રી રામ નાઈકને ઉત્તર પ્રદેશના રાજયપાલ મનોનીત કર્યા બાદ શ્રી રામ નાઈકે ૨૨ જુલાઈ ૨૦૧૪ ના લખનૌ ખાતે પદ ગ્રહણ કર્યું. ત્યારબાદ ૫ ઑગષ્ટ ૨૦૧૪ ના તેમને રાજયપાલ, રાજસ્થાન તરીકે અતિરિકત જવાબદારી સોપવામાં આવી. રાજસ્થાનના રાજયપાલ તરીકે ૮ ઑગષ્ટના તેમણે ત્યાંના શપથ ગ્રહણ કર્યા.

૨. આ પૂર્વે શ્રી અટલબિહારી વાજપેયી ના નેતૃત્વતળેના પ્રધાનમંડળમાં શ્રી રામ નાઈક ઓકટોબર ૧૯૯૯ થી મે ૨૦૦૪ આ સમય દરમ્યાન કૅબિનેટ પ્રધાન હતા. ૧૯૬૩ માં પેટ્રોલિયમ અને નૈર્સગિક વાયુ ખાતામાટે સ્વતંત્ર મંત્રાલયની સ્થાપના થઈ. ત્યારથી સૌથી વધુ સમય માટે શ્રી રામ નાઈક પેટ્રોલિયમ પ્રધાન રહ્યાં હતા. તે પહેલાની કેંદ્ર સરકારમાં રેલ્વે (સ્વતંત્ર પ્રભાર- ૭ ઑગષ્ટ ૧૯૯૯ થી), ગૃહ, નિયોજન અને કાર્યક્રમ અમલબજાવણી અને સંસદીય કામકાજ આ ખાતાઓ ના રાજયમંત્રી પદો (૧૩ માર્ચ ૧૯૯૮ થી ૧૩ ઑકટોબર ૧૯૯૯) શ્રી રામ નાઈકે શોભાવ્યા. એકજ સમયે આટલા મહત્વના ખાતાઓ સાચવવા એક વિશેષતા મનાય છે. ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય કાર્યકારિણી ના સભ્ય હોઈ જે રાજય માં ભારતીય જનતા પક્ષ ની સરકાર છે તેમની કાર્યક્ષમતા વધારવા અને ગુવત્તાસંવર્ધન માટે સ્થાપના કરવામાં આવેલ "સુશાસન પ્રકોષ્ઠ" ના તેઓ રાષ્ટ્રીય સંયોજક પાણ હતા. ૨૦૧૪ માં આવનારી લોકસભા ચૂંટણી ન લડવાનો તેમજ પક્ષ માટે આગળ પણ કામ કરતા રહી પક્ષ ને પોતાના અનુભવો નો લાભ આપવાનો નિર્ણય ભાજપના આચાર-વિચાર ના પ્રેરણા સ્ત્રોત અને એકાત્મ માનવવાદ ના જનક પંડિત દીનદયાલ ઉપાધ્યાય ની જન્મજયંતી તા.૨૫ સપ્ટેંબર ૨૦૧૩ ના રોજ જાહેર કર્યો.૨૦૧૪ ની લોકસભા ચૂંટણીમાં તેમના ઉત્તર મુંબઈ નિર્વાચન ક્ષેત્રમાં થી ભાજપ ઉમેદવાર શ્રી ગોપાળ શેટ્ટી મહારાષ્ટ્રમાં સર્વાધિક મતોથી ૬,૬૪,૦૦૪ અને સર્વાધિક મતાધિકયથી ૪,૪૬,૫૮૨ જીત્યા. શ્રી રામ નાઈક શ્રી શેટ્ટીના ચૂંટણી પ્રમુખ હતા.

**૩.** શ્રી રામ નાઈકે પેટ્રોલિયમ અને કુદરતી વાયુ ખાતાના પ્રધાન તરીકે ઓકટોબર ૧૯૯૯ માં હોદ્દો સ્વીકાર્યો તે વેળા એક કરોડ દસ લાખ ગ્રાહકો ઘરઘરાઉ ગેસ માટે પ્રતિક્ષાયાદી પર હતા. આબધાં સાથે કુલ ૩ કરોડ ૫૦ લાખ નવા ગેસ જોડાણ આપી શ્રી રામ નાઈકે પ્રતિક્ષાયાદી સમાપ્ત કરી હતી. આની સામે પહેલાના ૪૦ વર્ષમાં કુલ ૩.૩૭ કરોડ ગેસના જોડાણો આપવામાં આવ્યા હતા. આ સીવાય શહેરી વિસ્તારના ઓછી આવકવાળા વર્ગના લોકો માટે અને પર્વતીય ક્ષેત્રના વિસ્તાર માટે શ્રી રામ નાઈકે ૫ કિલોગ્રામના સિલિંડર પણ ઉપલબ્ધ કરાવ્યા હતાં. તેથી શ્રી રામ નાઈકના આ કામની મહત્તા વધુ બળકટપણે સિધ્ધ થાય છે. એજ પ્રમાણે કાચા તેલનું પરાવલંબનપણું ટળે એ માટે એમણે અનેક યોજનાઓ ઘડી કાઢી અને તેનું અમલીકરણ શરૂ કર્યું. એમાંનો મહત્વપૂર્ણ નિર્ણય એટલે શેરડીના રસમાંથી ઇથેનૉલ નિર્માણ કરી તેનું પેટ્રોલમાં ૫% મિશ્રણ કરવું તેમજ ભવિષ્યમાં ૧૦% મિશ્રણ કરવા જેટલું ઈથેનૉલ નિર્માણ કરવું. કારગિલ યુધ્ધમાંના હુતાત્માઓ મારફતે પેટ્રોલપંપ અને ગેસ વિતરણ એજન્સી આપવાની આગવી યોજના પણ તેમણેજ મંજૂર કરી હતી. સંસદ પરના હુમલા વખતે પોતાના પ્રાણોની આહુતિ આપનારા સુરક્ષા કર્મચારીઓનાં કુટુંબીઓને પણ પેટ્રોલપંપ આપવામાં આવ્યા. વાહનો મારફત થનારા પ્રદૂષણ ઓછું થાય માટે દિલ્હી અને મુંબઈમાં સીએનજી ગેસ પૂરો પાડવાની શરૂઆત કરી. હાલ મુંબઈમાં ૧.૪૦ લાખ ઑટોરિક્ષા , ૫૩ હજાર ટેકસી, ૭,૫૦૦ ખાનગી મોટરો અને ૮,૪૦૦ બસ-ટ્રક-ટેમ્પો સીએનજી પર ચાલે છે. એ સિવાય રસોઈ માટે એલપીજી સિલિંડર ને બદલે વધુ સુરક્ષિત, વાપરવા માં સહેલો અને સરખામણીએ સસ્તો એવો પાઈપ ગેસ શરૂ કર્યો તેનો લાભ મુંબઈ ના ૭ લાખ પરિવારો અને ૧,૯૦૦ લઘુ - ઉદ્યોગો ને થાય છે.

**૪.** ઉપનગરીય રેલ્વે પ્રવાસીઓના મિત્ર તરીકે રામ નાઈકને મુંબઈગરા ઓળખે છે. ૧૯૬૪ માં 'ગોરેગાવ રેલ્વે પ્રવાસી સંઘ' ની સ્થાપના કરી શ્રી રામ નાઈકે ઉપનગરીય રેલ્વે યાત્રીઓની સમસ્યા ના નિરાકરણની શરૂઆત કરી હતી. તેઓ રેલ્વે રાજય મંત્રી હતા તે વેળાજ મુંબઈ રેલ્વે વિકાસ મહામંડળની સ્થાપના થઈ. અનેક પ્રકલ્પો શરૂ થયાં. ૭૬ લાખ મુંબઈ ઉપનગરીય પ્રવાસીઓની દ્રષ્ટિએ ઉપનગરીય રેલ્વેનો કાર્યક્ષેત્ર વિસ્તાર દહાણુ સુધી, ૧૨ ડબ્બાની ટ્રેનો, કોમ્પ્યુટરાઇઝ રીઝર્વેશન સેંટર, બોરીવલી-વિરાર ચાર લાઈનનું અને કુર્લા - કલ્યાણ છ લાઈનનું નિર્માણકાર્ય આવા અનેક સુધારાઓની શરૂઆત થઈ. પ્રવાસીઓ પાસેથી નામો મંગાવી નવી ટ્રેનોના નામકરણની પણ તેમણેજ શરૂઆત કરી હતી. વિશ્વની પહેલી મહિલા વિશેષ ટ્રેન પ્રારંભ કરવામાં શ્રી રામ નાઈકનો સિંહફાળો છે. ૧૧ જૂલાઈ ૨૦૦૬ ના ઉપનગરી ટ્રનોમાં થયેલ બૉંબધડાકાને કારણે અસરગ્રસ્તોના પરિવારો ને મદદ મેળવી આપવા તેમણે વિશેષ પ્રયત્નો કર્યા. ૧૬ એપ્રિલ ૨૦૧૩ થી દહાણૂ - ચર્ચગેટ લોકલ શરૂ થઈ તેણી પાછળ શ્રી રામ નાઈકના દીર્ઘકાળ ના પ્રયત્નો કારણભૂત છે. આ નિર્ણયથી પશ્ચિમ રેલ્વે ની ઉપનગરીય સેવા નું ક્ષેત્ર ૬૦ કિલોમિટર થી ૧૨૪ કિલોમિટર થયું.

**૫.** ઉત્તર મુંબઈ લોકસભા મતદાર સંઘથી સળંગ પાંચ વખત ચૂંટાઈ આવવાનો વિક્રમ શ્રી રામ નાઈકે નોંધાવેલ છે. એ પહેલા આ જ લોકસભા ક્ષેત્રના બોરીવલી વિધાનસભા મતદારસંઘથી સળંગ ત્રણ વખત તેઓ વિજયી થયા હતાં. ૧૯૯૯ માંની લોકસભા ચૂંટણીમાં ૫,૧૭,૯૧૪ મતો મેળવનારા શ્રી રામ નાઈક મહારાષ્ટ્રમાં સર્વાધિક મતો મેળવનારા ગૌરવના માનને પાત્ર ઠર્યા હતા. મુંબઈથી સળંગ આઠ વખત ચુંટાઈ આવવાનો વિક્રમ કરનારા તેઓ પ્રથમ લોકપ્રતિનિધિ રહ્યાં છે. જનપ્રતિનિધિ હતા ત્યારે તો પોતાના ઉત્તરદાયીત્વના સિધ્ધાંતના અનુસરણમાં દરવર્ષે કામનો અહેવાલ રજૂ કરતાજ, પણ ચૂંટણીમાં પરાજય થયા બાદ પણ ૨૦૦૯ સૂધી આવો અહેવાલ રજૂ કરનારા તેઓ એકમેવ માજી જનપ્રતિનિધિ છે.

**૬.** લોકસભામાં પ્રવેશ કર્યા બાદ ટુંકાગાળામાં મુરબ્બી સંસદપટુ એવી છબી નિર્માણ કરનારા શ્રી રામ નાઈકે ૧૯૯૫-૧૯૯૬ દરમ્યાન અત્યંત પ્રતિષ્ઠાનું કહેવાતું લોકલેખા સમિતિનું અધ્યક્ષપદ શોભાવ્યું હતું. પહેલાની ત્રણ લોકસભામાં તેઓ ભારતીય જનતા પક્ષનાં મુખ્ય પ્રતોદ હતા. અનેક સંસદીય શસ્ત્રોનો કુશળતા પૂર્વક ઉપયોગ કરવાના ગુણને કારણે સંસદમાંની ચર્ચાઓમાં પોતાની છાપ પાડનારા શ્રી રામ નાઈકે શેયર ગોટાળા પરની સંયુકત સંસદીય સમિતિ, મહિલા અધિકાર પ્રદાન સમિતિ, રેલ્વે કન્વેંશન સમિતિ, આવી અનેક મહત્વપૂર્ણ સમિતિઓના કામો માં યોગદાન આપેલ છે. લોકસભા અધ્યક્ષની અનુપસ્થિતિમાં સભાગૃહનું કામકાજ કરનારી પીઠાસીન અધિકારીવર્ગની યાદીમાં એમનો સમાવેશ થયો હતો.

**૭.** સંસદમાં વંદે માતરમ્ ગાવાની પ્રથા શ્રી રામ નાઈકના આગ્રહને કારણેજ શરૂ કરાઈ હતી. અંગ્રેજોના સમયમાં થયેલ "બોમ્બે" અને હિન્દીમાં "બમ્બઈ" નું ફરી અસલ મરાઠી સ્વરૂપે "મુંબઈ" કરવા ખાતર તેમણે સરકારને મજબૂર કરી. મતદારસંઘના વિકાસકાર્ય માટે પ્રત્યેક સાંસદને દરવર્ષે એક કરોડનું ફંડ મળવાની મુળ કલ્પના શ્રી રામ નાઈકની જ છે. તેઓ નિયોજન અને કાર્યક્રમ અમલબજાવણી ખાતાના રાજયપ્રધાન હતાં તે વેળા આ રકમ બે કરોડ રૂપિયાની કરવાનો નિર્ણય પણ યોજના એવમ્ કાર્યક્રમ કાર્યાન્વયન રાજયપ્રધાનની રૂએ શ્રી રામ નાઈકે લીધો હતો. શિશુ આહારની જાહેરાતો પર પ્રતિબંધ લાવી સ્તનપાનને પ્રોત્સાહન આપવા ખાતર વિરોધી પક્ષમાં હોવા છતાં તેમણે સંસદમાં અશાસકીય વિધેયક મુક્યો. સરકારે તેનો સ્વીકાર કરી બાદમાં તેનું કાયદા માં રૂપાંતર થયું.

**૮.** શ્રી રામ નાઈકનો જન્મ સાંગલી ખાતે ૧૬ એપ્રિલ ૧૯૩૪ મા થયો. શાળાકીય શિક્ષણ સાંગલી જીલ્હા ના આટપાડી ગામ માં થયું, અને બી.કોમ. ની પદ્વી પૂનાની બૃહન્ મહારાષ્ટ્ર વાણિજય મહાવિદ્યાલયથી ૧૯૫૪માં સંપાદિત કરી એલ.એલ.બી ની પદ્વી કિશનચંદ ચેલારામ મહાવિદ્યાલયથી ૧૯૫૮માં પ્રાપ્ત કરી. શ્રી નાઈકે મુંબઈના એકાઉન્ટન્ટ જનરલનાં કાર્યાલય મા લિપિક ના હોદ્દાથી નોકરીના કાળની શરૂઆત કરી. ટુંકાગાળામાંજ ખાનગી ક્ષેત્રોમાંના એક ખ્યાતનામ ઉદ્યોગમાં કંપની સેક્રેટરી તરીકે તેઓ રહ્યા. થોડો સમય વ્યવસ્થાપન સલાહકાર તરીકે તેમણે કામકાજ કર્યું. શ્રી રામ નાઈક બાળપણથીજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક છે.

**૯.** ૧૯૬૯ માં જનસંઘનાં પૂર્ણકાલીન સંઘટન સચિવ તરીકે કામ કરવા ખાતર સારી નોકરી નો મોહ મુકયો. ૧૯૭૭ સુધી તેમણે તે હોદ્દાપર યશસ્વીપણે કાર્ય કર્યું. ભારતીય જનતા પક્ષની સ્થાપના બાદ પક્ષના મુંબઈ વિભાગનું પ્રમુખપદ શ્રી રામ નાઈકે ત્રણ વખત શોભાવ્યું. તેઓ ભારતીય જનતા પક્ષની કાર્યકારિણીના વિશેષ નિમંત્રિત સદસ્ય તેમજ 'સુશાસન પ્રકોષ્ઠ' ના તેઓ રાષ્ટ્રીય સંયોજક હતા.

**૧૦.** તારાપૂર ખાતેના અણુ ઉર્જા પ્રકલ્પ તબકકો ૩ અને ૪ ને કારણે અકકરપટ્ટી અને પોફરણ ખાતેના વિસ્થાપિતોના પુનર્વસનની લડત મુંબઈ ઉચ્ચ ન્યાયાલયમાં ૨૦૦૪ થી પોતે શ્રી રામ નાઈક લડી રહ્યા છે. વિસ્થાપિતોને ન્યાય મળી રહ્યો છે. આ સંદર્ભે "ગાથા સંર્ઘષાચી" આ મરાઠી પુસ્તક પણ શ્રી રામ નાઈકે લખેલ છે, તેનો અંગ્રેજીમાં અનુવાદ પણ થયેલ છે. કુષ્ઠપીડિતોને સામાજીક પ્રતિષ્ઠા મળે તેમજ તેમનું યોગ્ય પુનર્વસન થાય તેમાટે ૫ ડિસેંબર ૨૦૦૭ ના તેમની આગેવાનીમાં રાજયસભામાં વિનંતી અરજી રજૂ કરવામાં આવી હોઈ તે રાજયસભામાં વિચારાધીન છે. રાજયસભાની વિનંતીઅરજી સમિતીએ દેશઆખા માં મુલાકાતો લઈ પોતાનો અહેવાલ ૨૪ ઓકટોબર ૨૦૦૮ ના રજૂ કર્યો છે. એ સિવાય ૧૯૮૭ માં પ્રખ્યાત સમાજશાસ્ત્રજ્ઞ સ્વ.ડૉ. શરદચંદ્ર ગોખલે એ સ્થાપન કરેલ આંતરરાષ્ટ્રીય કુષ્ઠ નિવારણ સંસ્થા પુના, આ સંસ્થાના તેઓ અધ્યક્ષ પણ રહ્યા.

**૧૧.** શ્રી રામ નાઈકને ૧૯૯૪ માં કર્ક રોગ થયો હતો. પરંતુ શ્રી રામ નાઈકે તેનાપર નિગ્રહપુર્વક કાબૂ મેળવ્યો. ત્યારબાદ પાછલા ૧૯ વર્ષથી તેઓ પહેલાનાજ ઉત્સાહ અને ક્ષમતા થી કામ કરી રહ્યાં છે. શ્રી રામ નાઈક એક વિશિષ્ટ છવી ધરાવનારા વ્યકતી છે જે દરેક કાર્યમાં જીણામાંજીણી વિગતોની નોંધ લેનારી તીક્ષ્ણ નજર અને પારદર્શીતા અને જાગરૂકતા માટે જાણીતા છે.

**૧૨.**આદરણીય રાષ્ટ્રપતી દ્વારા ઉત્તર પ્રદેશ ના રાજયપાલ નિયુકત કરાયા ની જાહેરાત બાદ ૧૫ જુલાઈ ૨૦૧૪ ના રોજ શ્રી રામ નાઈકે ભારતીય જનતા પક્ષની પ્રાથમિક સદસ્યતા અને સર્વ પદો થી રાજીનામું આપેલ છે.

---------